જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૯/૦૫/૨૦૨૬ મંગળવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૭૦૩/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૪ કેસ કરી, ૪૩ વ્યક્તિઓને ઝડપી, ૨૦૬ લીટર દેશી દારૂ, ૪૭ બોટલ ઈંગ્લીશ દારૂ, ૨૦૯ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૦૪ બીયર ટીન, ૦૨ રીક્ષા અને ૦૧ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૦૮ કેસ કરી ૨૦ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૩૦,૩૯૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ અટકાયતઃ– **સમાચાર યાદી નં.૭૦૪/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૧૧૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૬ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

ઘરફોડઃ– **સમાચાર યાદી નં.૭૦૫/૨૦૨૬**

સાબરમતીઃ શૈલેષકુમાર નટુભાઈ પ્રજાપતી (રહે.નરનારાયણ ટેનામેન્ટ, ચેનપુર પેટ્રોલપંપ પાછળ ચેનપુર રોડ ન્યુ રાણીપ સાબરમતી) એ તા.૧૮/૦૫/૨૦૨૬ ના રોજ સાબરમતી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૭/૦૪/૨૦૨૬ સવારના ૭/૩૦ થી બપોરના ૪/૧૫ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનો નકુચો તોડી, અજાણી વ્યક્તિ મકાનમાં પ્રવેશ કરી, તીજોરીમાંથી સોના–ચાંદીના દાગીના મળી કુલ કિમત રૂપિયા ૧,૫૭,૦૦૦/– મતાની ચોરી કરી લઇ ગઇ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એચ.ડી.રાઓલ ચલાવે છે.

નારણપુરાઃ ડિમ્પલબહેન વા/ઓ ચિન્ટુભાઇ કનોજીયા (રહે.શાસ્ત્રીનગર શાક માર્કેટ નારણપુરા) એ તા.૧૮/૦૫/૨૦૨૬ ના રોજ નારણપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૬/૦૫/૨૦૨૬ સવારના ૧૦/૦૦ વાગ્યા પહેલા પોતાના મકાનના અજાણી વ્યક્તિ પ્રવેશ કરી, તીજોરીમાંથી સોના દાગીના કુલ કિમત રૂપિયા ૧,૧૫,૫૦૦/– મતાની ચોરી કરી લઇ ગઈ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.બી.પરમાર ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર યાદી નં.૭૦૬/૨૦૨૬**

આનંદનગરઃ ફાલ્ગુનીબહેન વા/ઓ ભારવીભાઇ મુન્સી (ઉ.વ.૫૦)(રહે.સાગર સમ્રાટ ફ્લેટ, રેડીયો મિર્ચી રોડ, આનંદનગર) એ અગમ્ય કારણસર તા.૧૮/૦૫/૨૦૨૬ બપોરના ૪/૩૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે આનંદનગર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી આર.પી.કોડીયાતર ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી